ટેન્ટેટીવ ડ્રાફ્ટ લીઝ એગ્રીમેન્ટ

THIS IS FOR REFFRENCE ONLY.
ACTUAL MAY DIFFER.

-: ૯૯ વર્ષના ભાડાપટ્ટાનો દસ્તાવેજ :-

એક તરફવાળા :- ધી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફ ધી સીટી ઓફ
(ભાડાપટ્ટે આપનાર) અમદાવાદ વતી અને તરફથી તેના આસી.એસ્ટેટ
ઓફિસર

શ્રી..................
(...............ઝોન)

ઉમર : પુખ્તવયના, ધંધો : નોકરી,
ઠેકાણું :- ધી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન.

(જેમને હવે પછી આ કરારમાં "એકતરફવાળા" લખી આપનાર ભાડાપટ્ટે આપનાર કોર્પોરેશન તરીકે સંબોધવામાં આવશે અને તે શબ્દના અર્થમાં અમો લખી આપનાર તથા તેમના સક્સેસરો, એડમીનીસ્ટ્રેટરો, એસાઈનીઓ, ટ્રાન્સફઅરીઓ વગેરે તમામનો સમાવેશ થયેલો ગણાશે.)

બીજી તરફવાળા :- ....

(ભાડાપટ્ટે લેનાર)

ઉંમર:-બંને પુખ્ત વયના, ધંધો-વેપાર, PAN NO:-.. .. ..

ઠેકાણું :- ....

(જેમને હવે પછી આ કરારમાં "બીજીતરફવાળા" લખાવી લેનાર ભાડાપટ્ટે લેનાર તરીકે સંબોધવામાં આવશે અને તે શબ્દના અર્થમાં લખી લેનાર તથા તેમના સક્સેસરો, એડમીનીસ્ટ્રેટરો, એસાઈનીઓ, ટ્રાન્સફઅરીઓ વગેરે તમામનો સમાવેશ થયેલો ગણાશે.)

આજ તા. / /૨૦... ના રોજ અમો નીચે સહી કરનાર બંને તરફવાળાઓ આથી આ ભાડાપટ્ટાનો દસ્તાવેજ કરી જાહેર કરીએ છીએ કે :-

THIS IS FOR REFERENCE ONLY
ACTUAL MAY DIFFER

એકતરફવાળા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન એ ગુજરાત મ્યુનિ.પ્રોવી.કોર્પોરેશન (એક્ટ) અન્વયે સ્ટેચ્યુટરી બોડી છે.

એકતરફવાળા માલિકીની મિલ્કત કે જે શહેર અમદાવાદમાં ડીસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક્ટ અમદાવાદના નવી ઝોન રચના મુજબ ઉત્તર પશ્ચિમ ઝોનમાં મોજે થલતેજ તાલુકા સીટી વોર્ડ થલતેજના નગર રચના યોજના નં. .. .. , ફા.પ્લોટ.નં. .. .. જે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની હસ્તકની .. .. , વાળી મિલ્કત નામે ઓળખાય છે તે જમીન ઉપર બાંધવામાં આવેલ માનનીય મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગતની સ્કીમમાં આવેલ દુકાનો અલગ-અલગ તબક્કાઓમાં અલગ-અલગ ટેન્ડરથી અલગ-અલગ પ્રિમીયમથી અલગ-અલગ ક્ષેત્રફળથી અલગ-અલગ તારીખે અને અલગ-અલગ દુકાનદારો (વ્યક્તિઓ)ને દુકાનો ફાળવવામાં આવેલ છે.

જે પૈકી અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની હસ્તકની .. .. મિલ્કત જેનો કાર્પેટ એરીયા .. .. ચો.મી. થાય છે. દુકાનોની ફાળવણી ૯૯ વર્ષના ભાડાપટ્ટેથી આપવા અંગે મ્યુનિ.સ્ટેન્ડીંગ કમિટી ઠરાવ નં.... .. .. , તા. / /૨૦.... ને મ્યુનિ.કોર્પોરેશન ઠરાવ નં. .. .., તા. / /૨૦.... થી મંજુરી અપાયેલ છે તે સંજોગોમાં પઝેશન સોંપ્યા તા. / /૨૦.... થી ૯૯ વર્ષનો ભાડાપટ્ટો ગણવામાં આવશે અને તે અંગે બીજી તરફવાળાને નીચે મુજબની શરતોએ આ દસ્તાવેજ કરી આપવામાં આવે છે.

-: **શરતો** :-

૧.અમો એકતરફવાળા સદરહુ દુકાન નં.... .. .. .. મિલ્કતનું પ્રતિ ચો.મી.દીઠ વાર્ષિક રૂા. .. ../- ના ભાડાપટ્ટાથી ૯૯ વર્ષના ભાડાપટ્ટે આપવામાં આવેલ છે. જેનું ૯૯ વર્ષનું એડવાન્સ ભાડું રૂા. .. ../- (અંકે .. ..)+૯૯ વર્ષના એડવાન્સ ભાડાની રકમનો GST રૂા.... -(અંકે રૂા.) એટલે કે **વાર્ષિક ભાડું રૂા. .. .. .. + GST રૂા. .. .. .. /- તથા પ્રિમીયમની રકમ રૂા. .. .. /-(અંકે રૂપિયા .. ..)** થાય છે, જે એકતરફવાળાએ બીજી તરફવાળા પાસેથી વસુલ લઇને મજકુર મિલ્કત ૯૯ વર્ષના ભાડેપટ્ટે બીજીતરફવાળાને આપેલ છે. વાર્ષિક મ્યુનિસિપલ ટેક્ષની રકમ અંદાજે રૂા. .. .. /-(અંકે રૂપિયા .. ..)થવા જાય છે.

૨. એક તરફવાળાએ બીજી તરફવાળાને તા. ../.. ./૨૦ .... ના રોજથી દુકાન નં. .... વાળી મિલ્કત જે .. .. ચો.મી. કાર્પેટ એરીયા બાંધકામવાળી મિલ્કતનો કબ્જો સુપ્રત કરેલ છે. જે તા. ../.. ./૨૦ .... ના રોજથી ૯૯ વર્ષની મુદત માટે ભાડાપટ્ટેથી આપેલ છે.

૩. બીજી તરફવાળાએ એક તરફવાળાને મજકુર મિલ્કતની બાંધકામની જાળવણી, જમીન મહેસુલ, સર્વિસ ચાર્જ તથા તે ઉપરના તમામ ટેક્ષ વત્તા મેન્ટેનન્સ ખર્ચ વગેરે તથા અન્ય વેરાઓ વિના વિલંબે અને વિના કસુરે બીજી તરફવાળાએ ચુકવવાના રહેશે.

THIS IS FOR REFERENCE ONLY
ACTUAL MAY DIFFER.

૪. બીજી તરફવાળાને ફાળવવામાં આવેલ સદરહુ મિલ્કતમાં જો કોઇ સુધારો-વધારો કરવાનો હોય અથવા નવું બાંધકામ કરવાનું હોય તો બીજી તરફવાળા એક તરફવાળાની લેખિત પરવાનગી સિવાય કરી શકશે નહિ અને આવું બાંધકામ કરવા માટે એસ્ટેટ તેમજ ટી.ડી.ઓ. ખાતાનો અભિપ્રાય/મંજૂરી મેળવી એક તરફવાળાની તે માટેની પૂર્વ પરવાનગી મેળવી બીજી તરફવાળા પોતાના સ્વખર્ચે કરી શકશે. જ્યારે આ મિલ્કત ખાલી કરે ત્યારે તેમણે કરેલ ખર્ચની રકમ કે તેનો અવેજ પરત માંગવા હક્કદાર રહેશે નહી.

૫. સદરહુ મિલ્કતના ઉપરદળના કબ્જા ભોગવટા દરમ્યાન તેની જાળવણી અને રીપેરીંગનો તમામ ખર્ચ બીજી તરફવાળાએ ભોગવવાનો રહેશે. ઉપરદળના બાંધકામોમાં કોઇપણ પ્રકારના ફેરફાર કે વધારો બીજી તરફવાળા કરી શકશે નહી. તેમજ આર.સી.સી. કોલમ, આર.સી.સી.ગર્ડર, આર.સી.સી. સ્લેબના કોઇપણ સ્ટ્રક્ચરને તોડફોડ કરી શકાશે નહિ અને તેમાં કસુરવાર જણાશે તો કાયદેસરના પગલા લેવામાં આવશે.બીજી તરફવાળાથી બિન અધિકૃત રીતે સ્ટ્રક્ચરને કરવામાં આવનાર નુકશાન/ફેરફારથી ઉભી થનાર સઘળી પરિસ્થિતિ તેમજ જાન માલ અને મિલ્કતની નુકશાનીની સઘળી જવાબદારી બીજી તરફવાળાની રહેશે અને અ.મ્યુનિ.કોર્પોરેશનની કોઇ જવાબદારી થશે નહી કે રહેશે નહી.

૬. જે જે જગ્યાએ મ્યુનિ. કોર્પોરેશને સેનેટરી બ્લોક બાંધેલા છે તે સેનેટરી બ્લોક સાચવવાની, સારી સ્થિતિમાં જાળવણી કરવાની, સફાઇ કરવાની તથા તેમાં ભવિષ્યમાં કોઇપણ રીપેરીંગ કરાવવું પડે તો તે કરાવવાની જવાબદારી જે તે સ્થળ પર આવેલ દુકાનો વાળાઓની રહેશે. કોઇ જગ્યાએ સેનેટરી બ્લોક બંધાયા ન હોય તો તે બાંધવાની જવાબદારી અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન સ્વીકારતું નથી.

૭.એક તરફવાળાએ ભાડાવાળી મિલ્કત બીજી તરફવાળાને તેમના દુકાનના હેતુ માટે જ ટોકન ભાડેથી ભાડે આપેલ છે. જે મિલ્કત બીજી તરફવાળા ટ્રાન્સફર

THIS IS FOR REFERENCE ONLY. ACTUAL MAY DIFFER

કરવા માંગતા હોય તો રૂા. .. ../-(અંકે રૂપિયા .. ..) અથવા જે તે સમય અમલી નિતી અનુસારના ટ્રાન્સફર ફી નાણાં વસુલ લઇ નામ ટ્રાન્સફર કરી શકાશે અને આવા સંજોગોમાં બીજી તરફવાળા ટ્રાન્સફર કરવા માંગતા હોય તો અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની પૂર્વ પરવાનગી મેળવ્યા બાદ ટ્રાન્સફર કરી શકશે. જે અંગેનો કોઇ જ ખર્ચ અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન ભોગવશે નહિ.

૮.સદરહુ મિલ્કતના આગળના ભાગની ખુલ્લી અને કોમન વપરાશવાળી જગ્યાનો ઉપયોગ અવર-જવર સિવાયના અન્ય કોઇ પણ પ્રકારના ઉપયોગ માટે કરી શકાશે નહિ અને જો તેમ કરતા માલુમ પડશે તો એક તરફવાળા દંડ અને શિક્ષાત્મક પગલાં લઇ શકશે.

૯. એક તરફવાળા તરફથી વખતો વખત જે કોઇપણ નિતી નિયમો કે ઠરાવો બહાર પડે તેનું બીજી તરફવાળાએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અને તેવા નિતી નિયમો અને ઠરાવો બીજી તરફવાળાને કોઇપણ જાતના બાધ વગર માન્ય રહેશે.

૧૦.સદરહુ મિલ્કત અંગે વિજળી જોડાણ મેળવવાની જવાબદારી બીજી તરફવાળાની રહેશે અને તેને લગતી જે કોઇ ફી ભરવી પડે તો તે બીજી તરફવાળાએ ભરવાની રહેશે તેમાં એક તરફવાળાની કોઇ જવાબદારી રહેશે નહિ.

૧૧.મજકુર મિલ્કતમાં બીજીતરફવાળાએ કોઇપણ જાતની ગેરકાયદેસરની કોઇ પ્રવૃતિ કરવી નહિ અને પડોશના રહેવાસી માટે ત્રાસરૂપ કે પજવણીરૂપ બને નહી એ રીતે દુકાનનો ઉપયોગ કરવો. જો ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા જણાશે તો એક તરફવાળા મજકુર મિલ્કતનો કબ્જો પરત લેવા હક્કદાર રહેશે અને વધુમાં આવી ગેરકાયદેસર ચાલતી પ્રવૃતિઓ અંગે કાયદેસરના પગલા ભરશે.

૧૨.બીજી તરફવાળાએ સદરહુ મિલ્કતમાં કોઇપણ પ્રકારનો ફેરફાર કરવો નહિ,જો સંજોગોવસાત એકતરફવાળાને ફેરફાર કરવાની જરૂર જણાય તો તે અંગેનો એકતરફવાળાનો હક્ક અબાધિત રહેશે. દુકાનની જાળવણી કે રીપેરીગ કરવાની

THIS IS FOR REFERENCE ONLY.
ACTUAL MAY DIFFER.

જરૂરીયાત જણાયેથી એક તરફવાળાની પૂર્વ મંજુરી મેળવી મરામત વગેરે કરવાનું રહેશે અને બીજી તરફવાળા કોઇ ધંધો કરવા માંગતા હોય તો, તે ધંધા અંગે સરકારી નિયમો મુજબ જરુરી સઘળી પરવાનગીઓ બીજી તરફવાળાએ તેમના ખર્ચે અને જોખમે મેળવવાની રહેશે અને ત્યારબાદ જ આવો ધંધો કરવા બીજી તરફવાળા હક્કદાર રહેશે. સદર બિલ્ડીગ ના ટેરેસ ઉપર બીજી તરફવાળાઓ ટાવર કે અન્ય સ્ટ્રક્ચર ઉભા કરી શકશે નહિ અને ટેરેસનો ઉપયોગ પોતાના અંગત હેતુ માટે કરી શકશે નહિ.

૧૩.એક તરફવાળાએ બીજીતરફવાળાને સદરહું મિલ્કતનો કબ્જો ૯૯ વર્ષના ભાડાપટ્ટાના હક્કથી આપેલ છે અને મુદ્દત પુરી થયેથી બીજી તરફવાળાએ એક તરફવાળાને સદરહુ મિલ્કતનો શાંત, ખાલી, નિર્ભય અને પ્રત્યક્ષ કબ્જો સોંપી દેવાનો રહેશે અને તેમાં કોઇ પણ જાતનો કસુર યા વિલંબ કરવાનો રહેશે નહી. તેમજ સદર મિલ્કતની એક તરફવાળાને જરૂર પડે ત્યારે વગર તકરારે કોઇપણ જાતની શરત કે માંગણી સિવાય બીજી તરફવાળાએ સદરહુ મિલ્કત એક તરફવાળાને પરત સોંપવાની રહેશે અને ભાડાપટ્ટાની મુદ્દત પુરી થયાના છ મહિના પહેલા નિયમ મુજબ બીજી તરફવાળાએ એક તરફવાળાને અરજી કરવી પડશે. સદર અરજી પરત્વે એક તરફવાળા જે કોઇ નિયમો કે રકમો નિર્ણીત કરે તે બીજી તરફવાળાને માન્ય રહેશે.

૧૪.દુકાનો ૯૯ વર્ષના ભાડાપટ્ટાના હક્કો સાથે બીજી તરફવાળાને એક તરફવાળાએ આપેલ છે.સદરહુ ભાડાપટ્ટાની મુદ્દત પુરી થયેથી પ્રિમીયમ/ભાડુ વધારવાની શરતે એક તરફવાળાને અનુકૂળ હશે તો જ આ ભાડાપટ્ટો રીન્યુ કરી શકશે.

૧૫.સદર દુકાનોની અંદર ગમે ત્યારે જ્યારે જરૂર પડે ત્યારે એક તરફવાળાને તપાસ/ચેક કરવાની સત્તા રહેશે.

THIS IS FOR REFERENCE ONLY
ACTUAL MAY DIFFER.

૧૬.આથી બીજી તરફવાળા પાકી ખાત્રી વિશ્વાસ અને બાંહેધરી આપે છે કે ભવિષ્યમાં એક તરફવાળા અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના કમિશનર સાહેબશ્રી તરફથી જે કોઈ નિયમો બનાવવામાં આવે તો તે બીજી તરફવાળાને માન્ય બંધનકર્તા રહેશે અને તેવા નિયમો અને નિર્ણયોના અમલમાં બીજી તરફવાળા એક તરફવાળાને સંપૂર્ણ સાથ અને સહકાર આપશે.

૧૭.જો બીજી તરફવાળાઓએ દુકાન-ઓફિસ મેળવવામાં કોઈ હકીકત છુપાવવામાં આવી હશે અથવા જુઠ્ઠા કથનો રજૂ કરવામાં આવ્યા હશે તો આ ભાડાપટ્ટા કરારનો અંત આવેલ ગણાશે.

૧૮.એક તરફવાળાના કોઈપણ ખાતાના અધિકારીઓ નિરીક્ષણમાં આવે તો તેઓને સાથ સહકાર આપવાનો રહેશે અને તેઓની સલાહ સુચન અનુસાર વર્તવાનું રહેશે.

૧૯.દુકાન-ઓફિસનો કબ્જો સોંપ્યા તારીખથી દુકાનના વખતો વખતના સરકારી અર્ધ સરકારી, સ્થાનિક સંસ્થાના તમામ કરવેરા નિયમિત ભરવાની સંપૂર્ણ જવાબદારી બીજી તરફવાળાની રહેશે આ મિલ્કતનો નિકાલ જ્યાં છે અને જેમ છે તે ધોરણે કરવામાં આવેલ છે.

૨૦.બીજી તરફવાળાઓએ અન્ય દુકાન લેનાર સાથે એસોસીએશન બનાવવાનું રહેશે અને તેમાં પોતાનો સમાવેશ કરવાનો રહેશે.

૨૧.ઓફિસ-દુકાનમાં અકસ્માત ન થાય તેની પુરી તકેદારી રાખવાની રહેશે. તેની સંપૂર્ણ જવાબદારી બીજી તરફવાળાની રહેશે. એક તરફવાળાની આ અંગે કોઈ જવાબદારી રહેશે નહી. દુકાન-ઓફિસમાંથી નીકળતો કચરો જાહેર રસ્તા પર ન જાય તેની તકેદારી રાખી હેલ્થ ખાતાની સુચના મુજબ જરૂરીયાત પ્રમાણે કચરાપેટી રાખવાની રહેશે.

THIS IS FOR REFERENCE ONLY
ACTUAL MAY DIFFER

૨૨.સદરહુ મિલ્કતના કરાર અંગે જે કોઇપણ ખર્ચ થાય જેવો કે સ્ટેમ્પ ડ્યુટી, ટાઇપીંગ ફી, રજીસ્ટ્રેશન ફી, વકીલ ફી તથા કલેરીકલ ફી ઉપરાંત અન્ય જે કોઇ ખર્ચ થાય તે બીજી તરફવાળાએ ભોગવવાનો રહેશે.

૨૩.ટેન્ડરની તમામ શરતો અને નિયમો ભાડાપટ્ટાના દસ્તાવેજમાં લાગુ પાડી આ દસ્તાવેજ કરી આપવામાં આવેલ છે.

-: પરિશિષ્ટ :-

ડીસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક્ટ અમદાવાદ ના મોજે .. .. તાલુકા સીટી વોર્ડ .. .. નગર રચના યોજના નં. .. .. ફાયનલ પ્લોટનં. .. .. .. પર આવેલ મિલકત .. .. નામે ઓળખાય છે. તે જમીન ઉપર બાંધવામાં આવેલ દુકાનો ૯૯ વર્ષના ભાડાપટ્ટાથી આપવા લેવાયેલ નિર્ણયાનુસારની દુકાન નં. .. .. ની વિગત.

THIS IS FOR REFFRENCE ONLY. ACTUAL MAY DIFFER.

મિલ્કતની વિગતઃ-

TP/FP	દુકાનનું સ્થળ	દુકાનની વિગત	ક્ષેત્રફળ
ટી.પી. .. .. ફા.પ્લોટ.નં.	.. ..	.. ..	.. .. ચો.મી.

મિલ્કતના ખૂંટની વિગતઃ-

પૂર્વે :

પશ્ચિમે :

ઉત્તરે :

દક્ષિણે :

<u>અવેજની વિગત</u> :- બીજી તરફવાળાએ એક તરફવાળાને પ્રિમીયમની રકમ તથા ૯૯ વર્ષના એડવાન્સ ભાડાની રકમ નીચે જણાવેલ વિગતે ચુકવી આપેલ છે.

અ નં	વિગત	રકમ રૂા.	નાણાં જમા કરાવ્યા અંગેની રસીદ નં./તારીખ
૧	અર્નેસ્ટમની ડીપોઝીટ પેટે જમા કરાવેલ રકમ (પ્રિમીયમની રકમ તરીકે મજરે આપતા)		
૨	૯૯ વર્ષના ભાડાપટ્ટે દુકાન/ઓફીસ તબદીલ કરવા સ્વીકારવામાં આવેલ ઓફર અનુસારની પ્રિમીયમની રકમ		
	વસૂલ લેવામાં આવેલ પ્રિમીયમની કુલ રકમ		
૩	૯૯ વર્ષનું એડવાન્સ ભાડુ (કાર્પેટ એરીયાના રૂા. … … /- પ્રતિ ચો.મી. વાર્ષિક ભાડાની રકમ રૂા.. … … /- રાઉન્ડીગ કરતાં)		
૪	૯૯ વર્ષના એડવાન્સ ભાડાની રકમનો જીએસટી		

મિલ્કતનું પોસ્ટલ સરનામું :- … … … … … … … … … … …

મિલ્કત ભાડાપટ્ટે રાખનારની સહી :- ____________________

THIS IS FOR REFFRENCE ONLY. ACTUAL MAY DIFFER.

મિલ્કત ભાડાપટ્ટે આપનારની સહી :- ____________________

૧.(૧)ભાડાપટ્ટે આપવાની થતી મિલ્કતનો દૂરનો ફોટોગ્રાફ

THIS IS FOR REFFRENCE ONLY. ACTUAL MAY DIFFER.

મિલ્કતનું પોસ્ટલ સરનામું :- .. ..

મિલ્કત ભાડાપટ્ટે રાખનારની સહી :- ____________________

મિલ્કત ભાડાપટ્ટે આપનારની સહી : ____________________

૧.(૨)ભાડાપટ્ટે આપવાની થતી મિલ્કતનો નજીકનો ફોટોગ્રાફ

મિલ્કતનું પોસ્ટલ સરનામું :- .. ..

મિલ્કત ભાડાપટ્ટે રાખનારની સહી :- ____________________

મિલ્કત ભાડાપટ્ટે આપનારની સહી :- ____________________

સદરહુ ઉપરોક્ત મિલ્કત ઉપરોક્ત શરતોને આધીન આ ભાડાપટ્ટાના કરારથી ભાડાપટ્ટે આપવામાં આવેલ છે. જે અમોને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને તેની ખાતરી બદલ અમો બંને તરફવાળાઓએ શહેર અમદાવાદમાં સાક્ષીની રૂબરૂમાં નીચે સહી કરેલ છે.

આજ અમદાવાદ તારીખ:.... માહે............ સને .... ના રોજ અમદાવાદ મધ્યે કરેલ છે.

અત્રે .... મતુ અત્રે .... શાખ

THIS IS FOR REFERENCE ONLY.
ACTUAL MAY DIFFER.

એક તરફવાળા

....
(ભાડાપટ્ટેથી આપનાર)
મ્યુનિ.કમિશનરશ્રી ,
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વતી,
આસી.એસ્ટેટ ઓફિસર
શ્રી .. ..
(.. .. ..ઝોન)

બીજી તરફવાળા

....

....
(ભાડાપટ્ટેથી રાખનાર)

સાક્ષીની સહી

૧......................

૨......................

THIS IS FOR REFFRENCE ONLY. ACTUAL MAY DIFFER.

૨.રજીસ્ટ્રેશન એક્ટની કલમ-૩૨-અ મુજબનું પરિશિષ્ટ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના
મ્યુનિસિપલ કમિશ્નર વતી,
આસી.એસ્ટેટ ઓફીસર
શ્રી... .. ..
(... .. .. ઝોન)

અંગુઠાનુનિશાન
(ભાડાપટ્ટે આપનાર)

ફોટો

અંગુઠાનુંનિશાન
(ભાડાપટ્ટેરાખનાર)

ફોટો

THIS IS FOR REFFRENCE ONLY.
ACTUAL MAY DIFFER.